# પ્રકરણ–૧૩
# (નિયમ સંગ્રહ–૧૨)

## સહાયકી કાર્યક્રમના અમલ અંગેની પધ્ધતિ :

| ક્રમ | વિગત | તાલીમ/ધિરાણ/સહાયકી કાર્યક્રમની વિગત | |
|---|---|---|---|
| | | બેન્કેબલ યોજના | એન.એસ.એફ.ડી.સી.યોજના |
| ૧ | સમયગાળો | સતત ચાલુ વર્ષ દરમ્યાન સતત ચાલુ યોજના | જાહેરાત આપી સમય મર્યાદામાં અરજીઓ મંગાવવામાં આવે છે. |
| ૨ | ઉદેશ | રા.કૃત બેંકો મારફત ધિરાણ અપાવી રૂા.૧૦,૦૦૦ની મર્યાદામાં ૫૦ % ના ધોરણે સહાય(સબસીડી) આપી નાના વ્યવસાયોમાં સ્વરોજગારી અપાવી આર્થિક રીતે પગભર કરવાનો | નાના પાયાના તથા માઈક્રોક્રેડિટ ટાઈપના નાના ધંધા વ્યવસાય અંગે સીધુ ધિરાણ આપી સમાજમાં માનભર્યુ જીવન ગુજારે તે રીતે પગભર બનાવવાનો |
| ૩ | ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો | ૫,૦૦૦ | એન.એસ.એડી.સી.ને રજુ થયેલ યોજનામાં મંજુર થાય તેટલા યુનિટ પ્રમાણે |
| ૪ | આવક મર્યાદા | શહેરી વિસ્તાર માટે– રૂા.૧,૫૦,૦૦૦/–<br>ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/– | રૂા.૩,૦૦,૦૦૦/– |
| ૫ | લાભાર્થીની પાત્રતા | ૧. અરજદાર અનુસૂચિત જાતિના સભ્ય અને ગુજરાત રાજયના વતની હોવા જોઈએ.<br>૨. અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.<br>૩. અરજદાર આવક મર્યાદામાં આવવા જોઈએ.<br>૪. અરજદાર ધંધો કરવા શકિતમાન હોવા જોઈએ તેમજ સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર ન હોવા જોઈએ.<br>૫. અરજદાર કે તેના કુટુંબનો કોઈ સભ્ય સરકારમાં અથવા રાજય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં નોકરી કરતા ન હોવા જોઈએ. | |
| ૬ | લાભ અંગેની પૂર્વ જરૂરીયાત | નિયત લોન અરજી ફોર્મમાં અરજી કરવાની રહે છે. ફોર્મ જિલ્લા કચેરીએ થી ઉપલબ્ધ થાય છે. | જાહેરાત આવ્યેથી નિયત સમય મર્યાદામાં નિગમની વેબ સાઇટ પર ઓનલાઇનં અરજી કરવાની રહે છે. |
| ૭ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગતો | – | – |
| ૮ | સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | નિયત લોન અરજીફોર્મમાં અરજી મળેથી જરૂરીચકાસણી કર્યા બાદ પાત્ર ઠરતાં રા.કૃત બેંકને ભલામણ સહ મોકલવા માં આવે છે. અને ધિરાણ ઉપલબ્ધથયેનિગમની જિલ્લા કચેરી ખાતેથી સબસીડીની દરખાસ્ત મળતાં ગ્રાન્ટ ઉપલબ્ધીને ધ્યાને રાખી સહાય લાભાર્થી ના ખાતામાં જમા આપવામાં આવે છે. | ઓન-લાઇન મળેલ અરજીઓમાંથી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો કરી લાભાર્થીઓની પસંદગી કરવામાં આવે છે. પસંદગી પામેલ લાભાર્થી દ્વારા લોન એગ્રીમેન્ટ પૂરા થયેથી ધિરાણની રકમ ચૂકવવામાં આવે છે. |
| ૯ | અરજી કયા કરવી | તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રીને અથવા જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રીને | નિગમની વેબ સાઇટ પર ઓન-લાઇન |
| ૧૦ | અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો | તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરિક્ષકશ્રીનો અને જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રી અથવા હાજર સ્ટાફનો | જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રીનો |
| ૧૧ | અરજી ફી | અરજી ફી નથી | અરજી ફી નથી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | અરજીપત્રકનો નમુનો | નિયત નમુના મુજબ | નિયત નમુના મુજબ (એન.એસ.એફ.ડી.સી.ની યોજના માટે જાહેરાત આવેથી નિયત નમુનાનું ફોર્મ મંજુર થયેલ યોજનાના ઢાંચા મુજબ ઉપલબ્ધ થઈ શકશે.) | |
| ૧૩ | બિડાણોની યાદી | આવક અને જાતિનો દાખલો, અનુભવનું પ્રમાણપત્ર, ભાવપત્રક,રેશનકાર્ડ ની નકલ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો | – | આવક અને જાતિનો, રહેઠાણનો દાખલો, અનુભવનું પ્રમાણપત્ર, ભાવપત્રક, તથા શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, જાહેરાતમાં દર્શાવ્યા મુજબ સબંધિત યોજના અન્વયે પ્રમાણપત્ર |
| ૧૪ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક કરવો | તાલુકા કક્ષાએ સમાજ કલ્યાણ નિરિક્ષકશ્રી નો અને જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રી અથવા હાજર સ્ટાફનો | – | જિલ્લા કક્ષાએ જિલ્લા મેનેજરશ્રી અથવા હાજર સ્ટાફનો |
| ૧૫ | લાભાર્થીઓની વિગત (માત્ર સંખ્યામાં) | સબંધિત જિલ્લા કક્ષાએ જિલ્લા કચેરી માં ઉપલબ્ધ થઈ શકશે. | સબંધિત જિલ્લા કક્ષાએ જિલ્લા કચેરીમાં ઉપલબ્ધ થઈ શકશે. | – |